# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 23-12-2025** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

1. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ગાંધીનગર ખાતે પોલીસના નવનિયુક્ત 11 હજાર 607 ઉમેદવારોને પસંદગી પત્ર એનાયત
2. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની જાહેરાત - પ્રથમવાર પોલીસ ઉમેદવારોને નિમણૂક માટે જિલ્લા પસંદગીનો વિકલ્પ અપાશે
3. સુરત વિમાન મથક પરથી 6 કરોડ રૂપિયાનો માદક પદાર્થ ઝડપાયો
4. આગામી ત્રણ દિવસ દરમિયાન ઠંડીમાં વધારો થશે
5. ખેલો ઇન્ડિયા બીચ ગેમ્સ–2026માં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની ખેલાડી પ્રગતિ પ્રજાપતિની પસંદગી

-----------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# LRD PASANDAGI PATRA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે આજે પોલીસના નવનિયુક્ત 11 હજાર 607 ઉમેદવારોને પસંદગી પત્ર એનાયત કરાયા. આ પ્રસંગે શ્રી પટેલે જણાવ્યું, રાજ્યનું પોલીસ દળ દેશમાં કાર્યનિષ્ઠા અને ફરજ પાલનમાં અગ્રેસર છે. સાયબર ક્રાઇમ, નાર્કોટિક્સ, માનવ તસ્કરી, આર્થિક ગુના, અને ટેકનોલોજી આધારિત ગુનાઓને અટકાવવા પોલીસ આધુનિકીકરણને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી છે. આ કાર્યક્રમ દરમિયાન નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ મહત્વની જાહેરાત કરતાં કહ્યું, આ વખતે પ્રથમવાર પોલીસ ઉમેદવારોને નિમણૂક માટે જિલ્લા પસંદગીનો વિકલ્પ અપાશે.

(બાઇટ : હર્ષ સંઘવી, નાયબ મુખ્યમંત્રી)

ઉલ્લેખનીય છે, લોકરક્ષક કેડરમાં કુલ 11 હજાર 899 ઉમેદવારોની ભરતી પ્રક્રિયા હાથ ધરાઇ હતી, જેમાં દસ્તાવેજ ચકાસણી પૂર્ણ થઇ હોય તેવા કુલ 11 હજાર 607 ઉમેદવારોને પસંદગી પત્ર અપાયા છે.

----------

# CRIME CONFERENCE

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પોલીસ અને નાગરિક વચ્ચે વિશ્વાસનો સેતુ વધુ સુદ્રઢ બનાવવા વરિષ્ઠ અધિકારીઓને આહ્વાન કર્યું છે. ગાંધીનગર ખાતે બે દિવસીય રાજ્યસ્તરીય ક્રાઈમ કોન્ફરન્સનો પ્રારંભ કરાવતા શ્રી પટેલે

જણાવ્યું, રાજ્યના વિકાસનો પાયો શાંતિ-સલામતિ અને સુરક્ષાનું વાતાવરણ જાળવી રાખનારા પોલીસ દળની ફરજનિષ્ઠા છે.

(બાઇટ : ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

આ કાર્યક્રમ દરમિયાન નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું, ગુજરાત પોલીસ ગુનાની શોધ અને નિવારણ તેમજ નાગરિક સાથેના સંવાદ સહિતના તમામ ક્ષેત્રોમાં શ્રેષ્ઠ કામગીરી કરી રહી છે.

આ પરિષદમાં રાજ્ય પોલીસ વડા સહિત અધિક પોલીસ મહાનિદેશક, રેન્જ આઇ.જી તથા જિલ્લા પોલીસ અધિક્ષક ભાગ લઇ રહ્યા છે. આ બે દિવસીય પરિષદમાં તમામ શહેર, રેન્જના વિવિધ જિલ્લાઓ દ્વારા આદર્શ પદ્ધતિ અંગે રજૂઆત, સાયબર ગુના, નાર્કોટિક્સ સહિતના પડકારો અને તેના નિવારણ પર ચર્ચા કરાશે.

----------

## SIR GUJARAT

રાજ્યમાં મતદાર યાદીની વિશેષ સઘન સુધારણા – S.I.R.ની કામગીરી હેઠળ આખરી મતદાર યાદીમાં નામ ઉમેરવા માટે ગઈકાલ સુધીમાં 69 હજાર 760 નાગરિક પાસેથી ફોર્મ 6 મળ્યા છે. જ્યારે જેતે વિધાનસભા મતવિસ્તારમાંથી નામ કમી કરવા 11 હજાર 74 નાગરિકો તરફથી ફોર્મ 7 મળ્યા છે.

હવે આગામી 18 જાન્યુઆરી 2026 સુધીમાં જે મતદારો મતદાર યાદીમાં પોતાના નામ સમાવવા અથવા મતદાર યાદીમાંથી નામ બાકાત થવા સબંધિત જે કંઈ વાંધા કે દાવા રજૂ કરવા માગતા હોય તેઓ તે રજૂ

કરી શકશે. ચૂંટણી અધિકારીઓ દ્વારા વાંધાઓની સત્યતા ચકાસી તેના નિકાલની પણ સાથે કામગીરી કરાશે.

----------

## VGRC ALANG

જાન્યુઆરી 2026માં રાજકોટ ખાતે યોજાનાર વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિસદ– કચ્છ અને સૌરાષ્ટ્રના મંચ પર અલંગ બંદરની 40 વર્ષની સિદ્ધિઓનું પ્રદર્શન કરાશે. અલંગમાં અત્યાર સુધી 8 હજાર 800 થી વધુ જહાજોનું સુરક્ષિત રિસાયક્લિંગ થયું છે. વર્ષ 2024–25 દરમિયાન વૈશ્વિક પડકારો વચ્ચે પણ અલંગે સ્થિર કામગીરી નોંધાવતા 113 જહાજોનું રિસાયક્લિંગ કર્યું.

વર્ષ 2025-26ની શરૂઆતમાં જહાજોના આગમનમાં 13 ટકા વૃદ્ધિ નોંધાતા ક્ષેત્રમાં ફરી સકારાત્મક ગતિ દેખાઈ રહી છે. ત્યારે આગામી 10 વર્ષમાં 15 હજાર જહાજોનું રિસાયક્લિંગ કરવાનો રાજ્ય સરકારે સંકલ્પ છે.

----------

## SURAT AIRPORT

સુરત વિમાન મથક પરથી 6 કરોડ રૂપિયાનો માદક પદાર્થ ઝડપાયો છે. સુરત પોલીસે બાતમીના આધારે કાર્યવાહી કરીને અંદાજે માદક પદાર્થના 17 કિલોના જથ્થા સાથે બે આરોપીની ધરપકડ કરી છે. ઝડપાયેલા

આરોપીઓ માદક પદાર્થ બેંગકોકથી વિમાનમાં સુરત લાવવામાં આવ્યો હતો. આ અંગે પોલીસ વધુ તપાસ હાથ ધરી છે.

----------

## Kisaan Suryoday Yojna - Sabarkantha

કિસાન સૂર્યોદય યોજના' અંતર્ગત ખેતી અને પિયત માટે દિવસ દરમિયાન વીજળી પૂરી પાડવામાં આવતી હોવાથી રાજ્યના ખેડૂતોને મોટી રાહત મળી છે. અગાઉ માત્ર રાત્રિ દરમિયાન જ વીજળી પૂરી પડાતી હોવાથી ખેડૂતોને અનેક તકલીફોનો સામનો કરવો પડતો હતો. સરકાર દ્વારા આ યોજના લાગુ કરાતા હવે ખેડૂતો દિવસ દરમિયાન વીજળી મેળવી રહ્યા છે. આ વિશે સાંભળીએ સાબરકાંઠા જિલ્લાના હિંગળાજ ગામના, ખેડૂત ભાવિક કુમાર પટેલની પ્રતિક્રિયા.

(બાઇટ – ભાવિક કુમાર પટેલ –ખેડૂત )

----------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

## G RAM G REACTION

સંસદ દ્વારા વિકસિત ભારત—રોજગાર અને આજીવિકા મિશન—ગ્રામીણ વિકસિત ભારત- જી રામ જી નવો કાયદો બનાવાયો છે. આ કાયદા હેઠળ દર નાણાકીય વર્ષમાં દરેક ગ્રામીણ પરિવારને 125 દિવસના વેતનની કાયદાકીય બાંહેધરી અપાઈ છે. તેમાં પરિવારના પુખ્તવયના અકુશળ સભ્યો કે, જેઓ શારીરિક શ્રમ કરવા તૈયાર છે તેમને વેતન અપાશે. કેન્દ્ર અને રાજ્ય સરકાર વચ્ચે રકમની વહેંચણીનો ગુણોત્તર ઉત્તર-પૂર્વ અને હિમાલયના રાજ્યો સિવાય તમામ રાજ્ય માટે 60 અને 40નો રહેશે. આ કાયદા અંગે મહિસાગર જિલ્લાના કોઠંબા પાલ્લા ગામના સરપંચ નીતાબેન પટેલે પ્રતિક્રિયા આપી.

(BYTE–NITA PATEL, SARPANCH, PALLAA GAM, MAHISAGAR)

----------

## Kisaan Sanmaan Divas -State

રાષ્ટ્રીય કિસાન સન્માન દિવસની ઉજવણી નિમિત્તે રાજયભરમાં ખેડૂતલક્ષી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું.

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, દ્વારા આજે એક દિવસીય રાષ્ટ્રીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યુ. જેમાં પાક ઉત્પાદન, પાક સંરક્ષણ જેવા વિષય ક્ષેત્રોને આવરી લેવાયા. સેમિનારમાં વિવિધ રાજયોમાંથી વૈજ્ઞાનિકો, વિદ્યાર્થીઓ, પ્રગતિશીલ ખેડૂતો સહિત 350 થી વધુ પ્રતિનિધિઓએ ભાગ લીધો.

આ ઉપરાંત રાજ્યના છોટાઉદેપુર, ડાંગ તેમજ તાપી જિલ્લામાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિકો દ્વારા ખેડૂતો સાથે ખેતીલક્ષી મુદ્દાઓ પર ચર્ચા કરાઇ તેમજ પ્રગતિશિલ ખેડૂતોને સન્માન પત્ર અર્પણ કરાયા.

----------

## SURENDRANAGAR ED

સુરેન્દ્રનગરના કલેક્ટર રાજેન્દ્રકુમાર પટેલના નિવાસસ્થાને પ્રવર્તન નિદેશાલય-EDની તપાસ ચાલી રહી હોવાના અહેવાલ છે. અમારા પ્રતિનિધિ દિનેશ પરમાર જણાવે છે, આજે સવારથી ઈડીની ટુકડીએ કલેકટરના નિવાસ સ્થાને તપાસ શરૂ કરી છે. ઉપરાંત વઢવાણ ખાતે નાયબ મામલતદાર ચંદ્રસિંહ મોરીના નિવાસસ્થાને પણ તપાસ ચાલી રહી છે.

----------

## Medical Seat -Jamnagar

જામનગરની સરકારી મેડિકલ કોલેજની અનુસ્નાતક અભ્યાસની બેઠકોમાં સરકાર દ્વારા કુલ ૨૮ બેઠકોનો વધારો કરાયો છે. આ નિર્ણયને

પગલે સંસ્થામાં શૈક્ષણિક સ્તરની સાથે સાથે આરોગ્ય સુવિધાઓમાં પણ મોટો વધારો થશે. આ મહત્વપૂર્ણ શૈક્ષણિક અને આરોગ્યલક્ષી સિદ્ધિ બદલ કોલેજના ડીન ડોક્ટર નંદની દેસાઈએ રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો.

----------

## WEATHER

આગામી ત્રણ દિવસ દરમિયાન ઠંડીમાં વધારો થશે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આ દરમિયાન લઘુતમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની શક્યતા છે. બીજી તરફ રાજ્યમાં નોંધાયેલા લઘુતમ તાપમાનની વાત કરવામાં આવે તો, 10 ડિગ્રી સેલ્સિયસ લઘુતમ તાપમાન સાથે દાહોદ રાજ્યનું સૌથી ઠંડુ સ્થળ બન્યું છે. ડાંગમાં 11.8 અને અમરેલીમાં 12 ડિગ્રી સેલ્સિયસ લઘુતમ તાપમાન નોંધાયું છે.

----------

## KHELO INDIA BEACH GAMES

ખેલો ઇન્ડિયા બીચ ગેમ્સ–2026માં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની ખેલાડી પ્રગતિ પ્રજાપતિની પસંદગી થઈ છે. તે યુવા બાબતો અને ખેલ મંત્રાલય તથા ભારતીય રમતગમત સત્તામંડળ દ્વારા 5 થી 11 જાન્યુઆરી દરમિયાન યોજાનાર બીજી ખેલો ઇન્ડિયા બીચ ગેમ્સ–2026માં ભાગ લેશે. આ સ્પર્ધામાં દેશભરના શ્રેષ્ઠ ખેલાડીઓ ભાગ લેશે, જેમાં બીચ કબડ્ડી એક મહત્વપૂર્ણ સ્પર્ધાત્મક રમત તરીકે સમાવિષ્ટ છે.

ઉલ્લેખનીય છે કે, ખેલો ઇન્ડિયા બીચ ગેમ્સ–2026માં બીચ સોકર, બીચ વોલીબોલ, બીચ કબડ્ડી, પેન્કાક સિલાટ અને ઓપન વોટર સ્વિમિંગ જેવી સ્પર્ધાત્મક રમતોનો સમાવેશ કરાયો છે.

----------

## Meditation Record - Ahmedabad

અમદાવાદમાં 60 હજાર લોકોએ સામૂહિક ધ્યાન કરીને વિશ્વ રેકોર્ડ બનાવ્યો છે. પ્રથમ વિશ્વ ધ્યાન દિવસે બ્રહ્માકુમારીઝ દ્વારા યોજાયેલ "શાંતિ અનુભૂતિ દિવ્ય સમારોહ"માં, સંસ્થા સાથે સંકળાયેલા લોકોએ મોટી સંખ્યામાં એકત્ર થઈ અમદાવાદ યુનિવર્સિટી ગ્રાઉન્ડ ખાતે એક સાથે સામુહિક ધ્યાન કરી આ વિશ્વ રેકોર્ડ સ્થાપિત કર્યો.

આ કાર્યક્રમમાં ગુજરાત ઉપરાંત ભારતના અન્ય રાજ્યો અને ૧૫ થી વધુ દેશોના લોકોએ ભાગ લીધો. આ પ્રસંગે રાજયભરમાથી આવેલા 100 થી વધુ કલાકારોએ પોતાની કળા રજૂ કરી.

----------